28.08.2025 પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

"મીઠાં બાળકો - હમણાં તમારી સુનવાઈ થઈ છે, અંતે તે દિવસ આવી ગયો જ્યારે તમે ઉત્તમ થી ઉત્તમ પુરુષ આ પુરુષોત્તમ સંગમયુગ પર બની રહ્યાં છો"

પ્રશ્ન :- હાર અને જીત થી સંબંધિત કયું એવું એક ભ્રષ્ટ કર્મ છે જે મનુષ્ય ને દુઃખી કરે છે?

ઉત્તર :- "જુગાર". ઘણાં મનુષ્ય માં જુગાર રમવાની આદત હોય છે, આ ભ્રષ્ટ કર્મ છે કારણકે હારવાથી દુઃખ, જીતવાથી ખુશી થશે. આપ બાળકો ને બાપ નું ફરમાન (આજ્ઞા) છે - બાળકો, દૈવી કર્મ કરો. એવાં કોઈ પણ કર્મ નથી કરવાના જેનાંથી સમય વ્યર્થ જાય. સદા બેહદ ની જીત મેળવવાનો પુરુષાર્થ કરો.

ગીત :- આખિર વહ દિન આયા આજ...

ઓમ્ શાંતિ ! ડબલ ઓમ્ શાંતિ. આપ બાળકોએ પણ કહેવું પડશે ઓમ્ શાંતિ. અહીં પછી છે ડબલ ઓમ્ શાંતિ. એક સુપ્રીમ આત્મા (શિવબાબા) કહે છે ઓમ્ શાંતિ, બીજા આ દાદા કહે છે ઓમ્ શાંતિ. પછી આપ બાળકો પણ કહો છો અમે આત્મા શાંત સ્વરુપ છીએ, રહેવા વાળા પણ શાંતિ દેશ નાં છીએ. અહીં આ સ્થૂળ દેશ માં પાર્ટ ભજવવા આવ્યાં છીએ. આ વાતો આત્માઓ ભૂલી ગયા છે પછી અંતે તે દિવસ તો જરુર આવ્યો છે, જ્યારે સુનવાઈ થાય છે. કઈ સુનવાઈ? કહે છે બાબા દુઃખ હરી ને સુખ આપો. દરેક મનુષ્ય સુખ-શાંતિ જ પસંદ કરે છે. બાપ છે પણ ગરીબ નિવાઝ. આ સમયે ભારત બિલકુલ ગરીબ છે. બાળકો જાણે છે આપણે બિલકુલ સાહૂકાર હતાં. આ પણ આપ બ્રાહ્મણ બાળકો જાણો છો, બાકી તો બધા જંગલ માં છે. આપ બાળકો ને પણ નંબરવાર પુરુષાર્થ અનુસાર નિશ્ચય છે. તમે જાણો છો આ છે શ્રી શ્રી, એમની મત પણ શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ છે. ભગવાનુવાચ છે ને? મનુષ્ય તો રામ-રામ ની એવી ધૂન લગાવે છે જાણે વાજું વાગે છે. હવે રામ તો ત્રેતા નાં રાજા હતાં, તેમની મહિમા ખૂબ હતી. ૧૪ કળા હતાં. બે કળા ઓછી, તેમનાં માટે પણ ગવાય છે રામ રાજા, રામ પ્રજા... તમે સાહૂકાર બનો છો ને? રામ કરતાં વધારે સાહૂકાર પછી લક્ષ્મી-નારાયણ હશે. રાજા ને અન્નદાતા કહેવાય છે. બાપ પણ દાતા છે, એ બધુંજ આપે છે, બાળકો ને વિશ્વ નાં માલિક બનાવે છે. ત્યાં કોઈ અપ્રાપ્ત વસ્તુ હોતી નથી, જેનાં માટે પાપ કરવું પડે. ત્યાં પાપ નું નામ નથી હોતું. અડધોકલ્પ છે દૈવી રાજ્ય પછી અડધોકલ્પ છે આસુરી રાજ્ય. અસુર અર્થાત્ જેમનામાં દેહ-અભિમાન છે, ૫ વિકાર છે.

હમણાં તમે આવ્યાં છો ખેવૈયા અથવા બાગવાન ની પાસે. તમે જાણો છો આપણે ડાયરેક્ટ તેમની પાસે બેઠાં છીએ. આપ બાળકો પણ બેઠાં-બેઠાં ભૂલી જાઓ છો. ભગવાન જે ફરમાવે છે તે માનવું જોઈએ ને? પહેલાં તો એ શ્રીમત આપે છે શ્રેષ્ઠ થી શ્રેષ્ઠ બનાવવા માટે. તો મત પર ચાલવું જોઈએ ને? પહેલી-પહેલી મત આપે છે - દેહી-અભિમાની બનો. બાબા આપણને આત્માઓ ને ભણાવે છે. આ પાક્કું-પાક્કું યાદ કરો. આ શબ્દ યાદ કર્યો તો બેડો પાર છે. બાળકો ને સમજાવ્યું છે, તમે જ ૮૪ જન્મ લો છો. તમે જ તમોપ્રધાન થી સતોપ્રધાન બનો છો. આ દુનિયા તો પતિત દુઃખી છે. સ્વર્ગ ને કહેવાય છે સુખધામ. બાળકો જાણે છે શિવબાબા, ભગવાન આપણને ભણાવે છે. એમનાં આપણે સ્ટુડન્ટ (વિદ્યાર્થી) છીએ. એ બાપ પણ છે, શિક્ષક પણ છે, તો ભણવું પણ સારી રીતે જોઈએ. દૈવી કર્મ પણ જોઈએ. કોઈ ભ્રષ્ટ કર્મ ન કરવા જોઈએ. ભ્રષ્ટ કર્મ માં જુગાર પણ આવી જાય છે. આ પણ દુઃખ આપે છે. હારે તો દુઃખ થશે, જીતે તો ખુશી થશે. હમણાં આપ બાળકોએ માયા થી બેહદ ની હાર ખાધી છે. આ છે પણ બેહદ ની હાર અને જીત ની રમત. ૫ વિકારો રુપી રાવણ થી હાર્યે હાર છે, તેનાં પર જીત મેળવવાની છે. માયા થી હારે હાર છે. હવે આપ બાળકો ની જીત થવાની છે. હવે તમારે પણ જુગાર વગેરે બધું છોડી દેવું જોઈએ. હવે બેહદ ની જીત મેળવવા પર પૂરું અટેન્શન આપવું જોઈએ. કોઈ પણ એવાં કર્મ નથી કરવાના, સમય વેસ્ટ નથી કરવાનો. બેહદ ની જીત મેળવવા માટે પુરુષાર્થ કરવાનો છે. કરાવવા વાળા બાપ સમર્થ છે. એ છે સર્વશક્તિમાન્. આ પણ સમજાવ્યું છે ફક્ત બાપ સર્વશક્તિમાન્ નથી. રાવણ પણ સર્વશક્તિમાન્ છે. અડધોકલ્પ રાવણરાજ્ય, અડધોકલ્પ રામરાજ્ય ચાલે છે. હમણાં તમે રાવણ પર જીત મેળવો છો. હવે તે હદ ની વાતો છોડી બેહદ માં લાગી જવાનું છે. ખેવૈયા આવ્યાં છે. અંતે તે દિવસ આવ્યો તો છે ને? પોકાર ની સુનવાઈ થાય છે ઊંચા માં ઊંચા બાપ ની પાસે. બાપ કહે છે - બાળકો, તમે અડધોકલ્પ ખૂબ ધક્કા ખાધાં છે. પતિત

બન્યાં છો. પાવન ભારત શિવાલય હતું. તમે શિવાલય માં રહેતા હતાં. હમણાં તમે વૈશ્યાલય માં છો. તમે શિવાલય માં રહેવા વાળા ને પૂજો છો. અહીં આ અનેક ધર્મો નું કેટલું ધમાસણ છે. બાપ કહે છે આ બધાને હું ખલાસ કરી દઉં છું. બધાનો વિનાશ થવાનો છે બીજા ધર્મ-સ્થાપક વિનાશ નથી કરતાં. તે સદ્દગતિ આપવા વાળા ગુરુ પણ નથી. સદ્દગતિ જ્ઞાન થી જ થાય છે. સર્વ નાં સદ્દગતિ દાતા જ્ઞાન-સાગર બાપ જ છે. આ શબ્દ સારી રીતે નોંધ કરો. ઘણાં છે જે અહીં સાંભળીને બહાર ગયા તો અહીં નું અહીં જ રહી જાય છે. જેમ ગર્ભ જેલ માં કહે છે-અમે પાપ નહીં કરીશું. બહાર કાઢ્યાં, બસ ત્યા નું ત્યાં રહ્યું. થોડા મોટા થયા પાપ કરવા લાગી જાય છે. કામ કટારી ચલાવે છે. સતયુગ માં તો ગર્ભ પણ મહેલ હોય છે. તો બાપ સમજાવે છે - આખિર વહ દિન આયા આજ. કયો દિવસ? પુરુષોત્તમ સંગમયુગ નો. જેની કોઈ ને ખબર નથી. બાળકો ફીલ (અનુભવ) કરે છે આપણે પુરુષોત્તમ બનીએ છીએ. ઉત્તમ માં ઉત્તમ પુરુષ આપણે જ હતાં, શ્રેષ્ઠ થી શ્રેષ્ઠ ધર્મ હતો. કર્મ પણ શ્રેષ્ઠ થી શ્રેષ્ઠ હતાં. રાવણ રાજ્ય જ નથી હોતું. અંતે તે દિવસ આવ્યો જે બાપ આવ્યાં છે ભણાવવાં. એ જ પતિત-પાવન છે. તો એવાં બાપ ની શ્રીમત પર ચાલવું જોઈએ ને? હમણાં છે કળિયુગ નો અંત. થોડો સમય પણ જોઈએ ને, પાવન બનવા માટે. ૬૦ વર્ષ પછી વાનપ્રસ્થ કહેવાય છે. ૬૦ તો લાગી લાઠ. હમણાં તો જુઓ ૮૦ વર્ષ વાળા પણ વિકારો ને છોડતા નથી. બાપ કહે છે હું આમની વાનપ્રસ્થ અવસ્થા માં પ્રવેશ કરી આમને સમજાવું છું. આત્મા જ પવિત્ર બની પાર જાય છે. આત્મા જ ઉડે છે. હમણાં આત્મા ની પાંખો કપાયેલી છે. ઉડી નથી શકતો, રાવણે પાંખો કાપી દીધી છે. પતિત બની ગયો છે. કોઈ એક પણ પાછું જઈ ન શકે. પહેલાં તો બાપે જવું જોઈએ. શિવ ની બારાત (જાન) કહે છે ને? શંકર ની બારાત હોતી નથી. બાપ ની પાછળ આપણે બધા બાળકો જઈએ છીએ. બાબા આવેલા છે લેવા માટે. શરીર સહિત તો નહીં લઈ જશે ને? આત્માઓ બધા પતિત છે. જ્યાં સુધી પવિત્ર ન બને ત્યાં સુધી પાછા જઈ ન શકે. પ્યોરિટી (પવિત્રતા) હતી તો પીસ (શાંતિ) અને પ્રોસપર્ટી (સમૃદ્ધિ) હતાં. ફક્ત તમે આદિ સનાતન દેવી-દેવતા ધર્મવાળા જ હતાં. હમણાં બીજા બધા ધર્મવાળા છે. ડીટીઝ્મ (દૈવીધર્મ) નથી. આને જ કલ્પવૃક્ષ કહેવાય છે. વડ નાં ઝાડ સાથે આની તુલના કરાય છે. થડ નથી. બાકી આખું ઝાડ ઉભું છે. તેમ આ પણ દેવી-દેવતા ધર્મ નું ફાઉન્ડેશન (પાયો) નથી. બાકી આખું ઝાડ ઉભું છે. હતું જરુર પરંતુ પ્રાયઃલોપ થઈ ગયું છે ફરી રિપીટ (પુનરાવર્તન) થશે. બાપ કહે છે હું ફરી આવું છું એક ધર્મ ની સ્થાપના કરવા, બાકી બધા ધર્મ નો વિનાશ થઈ જાય છે. નહીં તો સૃષ્ટિ ચક્ર કેવી રીતે ફરે? કહેવાય પણ છે વર્લ્ડ ની હિસ્ટ્રી-જોગ્રોફી રિપીટ. હમણાં જૂની દુનિયા છે ફરી નવી દુનિયા ને રિપીટ થવાનું છે. આ જૂની દુનિયા બદલાઈ નવી દુનિયા સ્થાપન થશે. આ જ ભારત નવાં થી જૂનું બને છે. કહે છે જમુના નાં કાંઠા પર પરિસ્તાન હતું. બાબા કહે છે તમે કામ ચિતા પર બેસી કબ્રસ્તાન બની ગયા છો. ફરી તમને પરિસ્તાની બનાવે છે. શ્રીકૃષ્ણ ને શ્યામ-સુંદર કહે છે - કેમ? કોઈની પણ બુદ્ધિ માં નહીં હશે. નામ તો સારું છે ને? રાધા અને કૃષ્ણ - આ છે ન્યુ વર્લ્ડ નાં પ્રિન્સ-પ્રિન્સેસ (નવી દુનિયાનાં રાજકુમાર-રાજકુમારી). બાપ કહે છે કામ ચિતા પર બેસવાથી આયરન એજ (કળિયુગ) માં છે. ગવાયેલું પણ છે, સાગર નાં બાળકો કામ ચિતા પર બળી મર્યા. હમણાં બાપ બધા પર જ્ઞાન વર્ષા કરે છે. પછી બધા ચાલ્યાં જશે ગોલ્ડન એજ માં. હમણાં છે સંગમયુગ. તમને અવિનાશી જ્ઞાન-રત્નો નું દાન મળે છે, જેનાંથી તમે સાહૂકાર બનો છો. આ એક-એક રત્ન લાખો રુપિયા નાં છે. તે લોકો પછી સમજે છે - શાસ્ત્રો નાં વરશન્સ (સંસ્કરણ) લાખો રુપિયા નાં છે. આપ બાળકો આ ભણતર થી પદમપતિ બનો છો. સોર્સ ઓફ ઈનકમ (આવક નું સાધન) છે ને? આ જ્ઞાન-રત્નો ને તમે ધારણ કરો છો. ઝોલી ભરો છો. તે પછી શંકર માટે કહે છે-હે બમ બમ મહાદેવ, ભરી દો ઝોલી. શંકર પર કેટલાં કલંક લગાવ્યાં છે. બ્રહ્મા અને વિષ્ણુ નો પાર્ટ અહીં છે. આ પણ તમે જાણો છો ૮૪ જન્મ વિષ્ણુ માટે પણ કહેવાશે, લક્ષ્મી-નારાયણ માટે પણ. તમે બ્રહ્મા માટે પણ કહેશો. બાપ સમજાવે છે - રાઈટ શું છે? રોંગ શું છે? બ્રહ્મા અને વિષ્ણુ નો પાર્ટ શું છે? તમે જ દેવતા હતાં, ચક્ર લગાવી બ્રાહ્મણ બન્યાં ફરી હવે દેવતા બનો છો. પાર્ટ આખો અહીં ભજવાય છે. વૈકુંઠ નાં ખેલ-પાલ જુઓ છો. અહીં તો વૈકુંઠ નથી. મીરા ડાન્સ (નૃત્ય) કરતી હતી. તે બધો સાક્ષાત્કાર કહેવાશે. કેટલું તેમનું માન છે. સાક્ષાત્કાર કર્યો, કૃષ્ણ સાથે ડાન્સ કર્યો. તો શું, સ્વર્ગ માં તો નથી ગઈ ને? ગતિ-સદ્દગતિ તો સંગમ પર જ મળી શકે છે. આ પુરુષોત્તમ સંગમયુગ ને તમે સમજો છો. આપણે બાબા દ્વારા હવે મનુષ્ય થી દેવતા બની રહ્યાં છીએ. વિરાટ રુપ ની પણ નોલેજ જોઈએ ને? ચિત્ર રાખે છે, સમજતા કાંઈ પણ નથી. અકાસુર-બકાસુર આ બધા સંગમ નાં નામ છે. ભસ્માસુર પણ નામ છે. કામ ચિતા પર બેસી ભસ્મ થઈ ગયા છે. હવે બાપ કહે છે - હું બધાને ફરી થી જ્ઞાન ચિતા પર બેસાડી લઈ જાઉં છું. આત્માઓ બધા ભાઈ-ભાઈ છે. કહે પણ છે હિન્દુ-ચીની ભાઈ-ભાઈ, હિન્દુ-મુસ્લિમ ભાઈ-ભાઈ છે. હવે ભાઈ-ભાઈ પણ પરસ્પર લડતા રહે છે. કર્મ તો આત્મા કરે છે ને? શરીર દ્વારા આત્મા લડે છે. પાપ પણ આત્મા પર લાગે છે, એટલે પાપ આત્મા કહેવાય છે. બાપ કેટલાં પ્રેમ થી બેસીને

સમજાવે છે. શિવબાબા અને બ્રહ્મા બાબા બંને ને હક છે બાળકો-બાળકો કહેવાનો. બાપ, દાદા દ્વારા કહે છે - હે બાળકો! સમજો છો ને, આપણે આત્મા અહીં આવીને પાર્ટ ભજવીએ છીએ. પછી અંત માં બાપ આવીને બધાને પવિત્ર બનાવી સાથે લઈ જાય છે. બાપ જ આવીને નોલેજ આપે છે. આવે પણ અહીંયા જ છે. શિવ જયંતિ પણ મનાવે છે. શિવ જયંતિ નાં પછી હોય છે કૃષ્ણ જયંતિ. શ્રીકૃષ્ણ જ પછી શ્રી નારાયણ બને છે. પછી ચક્કર લગાવી અંત માં શ્યામ (પતિત) બને છે. બાપ આવીને પછી ગોરા બનાવે છે. તમે બ્રાહ્મણ સો દેવતા બનશો. પછી સીડી ઉતરશો. આ ૮૪ જન્મ નો હિસાબ બીજા કોઈની બુદ્ધિ માં નહીં હશે. બાપ જ બાળકો ને સમજાવે છે. ગીત પણ સાંભળ્યું - અંતે ભક્તો ની સુનવાઈ થાય છે. બોલાવે પણ છે - હે ભગવાન આવીને અમને ભક્તિ નું ફળ આપો. ભક્તિ ફળ નથી આપતી. ફળ ભગવાન આપે છે. ભક્તો ને દેવતા બનાવે છે. બહુજ ભક્તિ તમે કરી છે. પહેલાં-પહેલાં તમે જ શિવ ની ભક્તિ કરી. જે સારી રીતે આ વાતો ને સમજશે, તમે ફીલ (અનુભવ) કરશો આ અમારા કુળ નાં છે. કોઈની બુદ્ધિ માં બેસતું નથી તો સમજો ભક્તિ વધારે કરી નથી, પાછળ આવ્યાં છે. અહીં પણ પહેલાં નહીં આવશે. આ હિસાબ છે. જેમણે બહુજ ભક્તિ કરી છે તેમને બહુજ ફળ મળશે. થોડી ભક્તિ થોડું ફળ. તે સ્વર્ગ નું સુખ ભોગવી નથી શકતાં કારણકે શરુઆત માં શિવ ની ભક્તિ થોડી કરી છે? તમારી બુદ્ધિ હવે કામ કરે છે. બાબા ભિન્ન-ભિન્ન યુક્તિઓ ખૂબ સમજાવે છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકો ને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. એક-એક અવિનાશી જ્ઞાન-રત્ન જે પદમો નાં સમાન છે, એનાથી પોતાની ઝોલી ભરી, બુદ્ધિ માં ધારણ કરી પછી દાન કરવાનું છે.
2. શ્રી શ્રી ની શ્રેષ્ઠ મત પર પૂરે-પૂરું ચાલવાનું છે. આત્મા ને સતોપ્રધાન બનાવવા માટે દેહી-અભિમાની બનવાનો પૂરે-પૂરો પુરુષાર્થ કરવાનો છે.

વરદાન :- સર્વ પ્રત્યે શુભ ભાવ અને શ્રેષ્ઠ ભાવના ધારણ કરવા વાળા હંસ બુદ્ધિ હોલીહંસ ભવ

હંસ બુદ્ધિ અર્થાત્ સદા દરેક આત્મા પ્રત્યે શ્રેષ્ઠ અને શુભ વિચારવા વાળા. પહેલાં દરેક આત્મા નાં ભાવ ને પારખવા વાળા અને પછી ધારણ કરવા વાળા. ક્યારેય પણ બુદ્ધિ માં કોઈ પણ આત્મા પ્રત્યે અશુભ અથવા સાધારણ ભાવ ધારણ ન હોય. સદા શુભ ભાવ અને શુભ ભાવના રાખવા વાળા જ હોલી હંસ છે. તે ક્યારેય પણ આત્મા નાં અકલ્યાણ ની વાતો સાંભળતા, જોતા પણ અકલ્યાણ ને કલ્યાણ ની વૃત્તિ થી બદલી દેશે. એમની દૃષ્ટિ દરેક આત્મા પ્રત્યે શ્રેષ્ઠ શુદ્ધ સ્નેહ ની હશે.

સ્લોગન :- પ્રેમ થી ભરપૂર એવી ગંગા બનો જે તમારા દ્વારા પ્રેમ નાં સાગર બાપ દેખાય.

અવ્યક્ત ઈશારા - સહજયોગી બનવું છે તો પરમાત્મ - પ્રેમ નાં અનુભવી બનો

ઘણાં ભક્ત આત્માઓ પ્રભુ પ્રેમ માં લીન થવા ઈચ્છે છે અને ઘણાં પછી જ્યોતિ માં લીન થવા ઈચ્છે છે. એવાં આત્માઓ ને સેકન્ડ માં બાપ નો પરિચય, બાપ ની મહિમા અને પ્રાપ્તિ સંભળાવી સંબંધ ની લવલીન અવસ્થા નો અનુભવ કરાવો. લવલીન હશે તો સહજ જ લીન થવાના રહસ્ય ને પણ સમજી જશે.